સહયોગથી, આઇઆઇએમ-એ એમબીએ-પીજીપીએક્સ સ્પીકર સિરીઝ અને જીન્ દ્વારા પિનેકલ વોઈસ લીડરશિપ સિરીઝના ભાગરૂપે જોઈન્ટ સ્પીકર સેશનના કરેલા આયોજનમાં પિરામલ ગૃપના ચેરમેન શ્રી અજય પિરામલ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી પિરામલે તેમના સત્ર 'ઇટર્નલ વેલ્યુઝ ઇન ચેન્જિંગ વર્લ્ડ' (બદલતી દુનિયામાં શાશ્વત મૂલ્યો)માં ઉથલ-પાથલ અને પરિવર્તનના સમયમાં સત્યનિષ્ઠતા, કરુણા અને નેતૃત્વમાં નૈતિક મૂલ્યોના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આઇઆઇએમ-એ ખાતેની એમબીએ-પીજીપીએક્સ સ્પીકર સિરીઝનો ઉદ્દેશ્ય ઉદ્યોગના નેતાઓને કેમ્પસમાં આમંત્રિત કરવાનો અને વિદ્યાર્થીઓને તેમના અનુભવો અને સમજણનો લાભ આપવાનો છે. જીન્ની મુખ્ય પહેલ પિનેકલ વોઈસ લીડરશિપ સિરીઝનો ઉદ્દેશ્ય નૈતિક્તા આધારિત નેતૃત્વ અને મૂલ્યો આધારિત સફળતાને સાકાર કરતા સ્વપ્નદ્રષ્ટા નેતાઓને આમંત્રિત કરવાનો છે. શ્રેણી વર્તમાન અને ભાવિ આગેવાનોઓ સહિત વ્યાપક શ્રોતાઓને પ્રેરણા આપવા અને તેમની પોતાની સમજણ આપવા સમક્ષ વિવિધ ક્ષેત્રોના વિચારશીલ નેતાઓને આમંત્રિત કરે છે. શ્રી પિરામલે ચર્ચામાં ઘણા મુખ્ય મુદ્દાઓ આવરી લીધા હતા. તેમાં લાંબાગાળાની સફળતા સુનિશ્ચિત કરવા મૂલ્ય-આધારિત નેતૃત્વની સતત ભૂમિકા, આધુનિક નવીનતા સાથે કાલાતીત સિદ્ધાંતોનો સમન્વય, અને વેપારના વ્યાપક વૈશ્વિક અનુભવ આધારિત નેતૃત્વના પાઠનો સમાવેશ થાય છે. તેમણે સતત બદલાતા વૈશ્વિક વ્યાપારના પરિદ્રષ્યમાં આગળ વધવા, સનાતન નૈતિક સિદ્ધાંતો તેમજ વિશ્વાસ અને વૃદ્ધિને વેગ આપતા નીતિપૂર્વક નિર્ણયનિર્ધારણ મારફતે લાંબાગાળાની સફળતાના કેન્દ્રમાં રહેલા નિષ્ઠા અને કરૂણાના મહત્ત્વ પર ભાર મુક્યો હતો. આ પ્રસંગે શ્રી પિરામલ સાથે વાર્તાલાપનું સત્ર પણ યોજાયું હતું, તેમજ યુવા અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો અને શિક્ષણવિદોને પરસ્પર સંપર્ક સાધવા અને નેટવર્કિંગની તકો પૂરી પાડી હતી. વાતચીત દરમિયાન, શ્રી પિરામલે વિવિધ